સુવિચાર : તુમ ન ચલે એક કદમ ઔર ફાંસલે બઢતે ચલે, એક કે બાદ એક દિન જુદાઈ કે સાલ બનતે ચલે - નિદા ફઝલી

તાપમાન
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૫ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૦૬ | ૧૭ જાન્યુઆરી, ૨૦૧૬, રવિવાર ; પોષ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## દેશમાં એલપીજીની નવી દસ હજાર ડિલરશીપ અપાશે

નવીદિલ્હી,તા. ૧૬

પશ્ચિમ બંગાળ સહિત કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી વર્ષ ૨૦૧૬માં યોજાનાર છે ત્યારે કેન્દ્ર સરકારે આ વર્ષે ૧૦૦૦૦ નવી એલપીજી ડિલરશીપ આપવા માટે ટાર્ગેટ નક્કી કરી લેતા લોકોને રાહત થઈ શકે છે. પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા સિલિન્ડરમાં સ્થાનિક એલપીજી ગેસના નવા ટાર્ગેટને નક્કી કરવામાં આવ્યા બાદ મંત્રાલય આ દિશામાં આગળ વધશે. સરકારી ફ્યુઅલ રિટેલર્સ માટે ડિલરશીપ આપવામાં આવનાર છે. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા તમામ સાંસદોને પત્ર લખીને તેમના મત વિસ્તારમાં સૂચિત સ્થળ ઉપર સૂચન કરવા અપીલ કરી છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા તેમનું કામ કરી લેવામાં આવ્યું છે. પોલિસી ફ્રેમવર્કમાં કેટલું કામ બાકી રહેલું છે જેને નવેસરથી નિહાળવાની જરૂર છે. આ પ્રક્રિયા એક વખત પુરી થઈ ગયા બાદ નવી ડિલરશીપ શરૂ કરવા માટેની પ્રક્રિયા શરૂ થઈ જશે. પ્રધાને કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૬ને એલપીજી ગ્રાહક વર્ષ તરીકે મનાવવામાં આવશે. સાથે સાથે ૨૦૧૮ સુધી તમામને ઉપલબ્ધ ક્લિન ફ્યુઅલ મળે તેનો હેતુ રહેશે. સાંસદોને લખવામાં આવેલા પત્રમાં પ્રધાને સર્વિસમાં કોઈપણ પ્રકારની ખામી અંગે જાણ કરવા માટે પણ કહ્યું છે. નવી ડિલરશીપ ક્યાં જરૂર છે. ગ્રાહકોની સેવા કઈ રીતે સુધારી શકાય છે તે સંદર્ભમાં સૂચન કરવા માટે કહેવામાં આવ્યું છે.



**ઉત્તરાર્ધ મહોત્સવ :** વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક મોઢેરા સૂર્ય મંદિરના પ્રાંગણમાં ઘૂંઘરુના નાદ, નર્તન અને વાયોલીન વાદનથી નયનરમ્ય નજારો સર્જાયો હતો. ઉત્તરાયણ બાદ ઉજવાતા શાસ્ત્રીય નૃત્ય પર્વ દ્વિ-દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવના પ્રથમ દિવસે શ્રી રમા વૈદ્યનાથન (દિલ્હી), શ્રી શાલુ મેનન (કેરાલા), કિન્નરી વોરા (ગાંધીનગર) અને બીનલ વાલા (અમદાવાદ) નૃત્યાંગનાઓએ ભરત નાટ્યમ્ રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

## ...તો ૧૫ મિનિટમાં જીએસટી બિલ પસાર થાય : રાહુલ

મુંબઈ,તા. ૧૬

કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે મોદી સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, તેમની પાર્ટી દ્વારા મુકવામાં આવેલી શરતોને એક વખતે સરકાર સ્વીકારી લેશે તો માત્ર ૧૫ મિનિટની અંદર સંસદમાં જીએસટી બિલને પસાર કરવા માટે કોંગ્રેસ પાર્ટી ટેકો આપશે. અમારી માંગ સ્વીકારાશે તો જીએસટી ૧૫ મિનિટમાં જ પસાર થશે તેવી વાત કરીને રાહુલ ગાંધીએ નવી ચર્ચા જગાવી છે. કોંગ્રેસના ઉપપ્રમુખે કહ્યું છે કે, જીએસટીના મુદ્દા ઉપર સરકાર સાથે સમાધાન શક્ય છે. ટેબલ ઉપર બેસીને સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે પરંતુ સરકાર વાત કરવા માટે તૈયાર નથી. શરતો અમારા દ્વારા મુકી દેવામાં આવી છે. રાહુલે કહ્યું હતું કે, અમે જીએસટીને લઈને વાંધો ધરાવતા નથી પરંતુ ચોક્કસ શરતો રહેલી છે. મુંબઈમાં મેનેજમેન્ટ વિદ્યાર્થીઓ સાથે વાતચીત દરમિયાન રાહુલે આ મુજબની વાત કરી હતી. જીએસટી બિલના અમલીકરણમાં અડચણો શું છે તે અંગે પૂછવામાં આવતા ગાંધીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી દ્વારા જ જીએસટી બિલ લવાયું હતું. ત્યારબાદ ભાજપે છેલ્લા સાત વર્ષથી સંસદમાં જીએસટીને રોકી દીધું હતું. જેટલીએ તે વખતે આને પાસ કરવાની મંજુરી આપી ન હતી. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ આ બિલને પસાર થવાની મંજુરી આપી ન હતી.

# સ્ટાર્ટઅપ એક્શન પ્લાનમાં વિવિધ યોજનાઓનો વરસાદ

નવીદિલ્હી,તા. ૧૬

યુવા કારોબારીઓને પ્રોત્સાહન આપવા અને વાસ્તવિકરીતે સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુસર સરકારે મહત્વકાંક્ષી યોજના સ્ટાર્ટઅપ ઈન્ડિયાની જાહેરાત કરી દીધી હતી. સ્ટાર્ટઅપ ઈન્ડિયા યોજના લોંચ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રેણીબદ્ધ યોજનાઓની પણ જાહેરાત કરી દીધી હતી. મોદીએ વિજ્ઞાન ભવનમાં આયોજિત કાર્યક્રમમાં યોજનાની વિધિવત શરૂઆત કરતા આના એક્શન પ્લાનની જાહેરાત કરી દીધી હતી. આ અવસર પર મોદીએ સ્ટાર્ટઅપ માટે ઘણી યોજનાઓની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, સ્ટાર્ટઅપ યોજના સાથે સંબંધિત ઘણી બાબતોને ધ્યાનમાં લીધી છે. ભવિષ્યમાં પણ આવી નવી જોગવાઈઓ કરતા રહીશું. તમામ લોકોને તેઓ શુભેચ્છા આપે છે. દેશમાં સ્ટાર્ટઅપ ફેસ્ટિવલની અમે શરૂઆત કરવા જઈ રહ્યા છે. વૈશ્વિક સ્તરે ઓળખ બનાવનાર સ્ટાર્ટઅપને સરકાર ૧૦ કરોડ રૂપિયાની મદદ કરશે. અટલ ઈનોવેશન મિશનની પણ શરૂઆત કરવામાં આવી હતી. મહિલા કારોબારીઓની સંખ્યા વધી રહી છે. સરકાર આ સંદર્ભમાં પણ યોજના



બનાવશે. મોદીએ મોટી જાહેરાત કરતા કહ્યું હતું કે, ત્રણ વર્ષ માટે લાભને ઈન્કમટેક્સમાંથી મુક્તિ આપવામાં આવશે. આવી જ રીતે નાણાંકીય સંશાધનોને વધારવા માટે કેપિટલ ગેઈન ટેક્સની રાહત પણ આપવામાં આવશે. સ્ટાર્ટઅપ માટે આગામી ચાર વર્ષમાં દર વર્ષે ૫૦૦ કરોડ રૂપિયાની સાથે ક્રેડિટ ગેરંટી સ્કીમ લાવવામાં આવશે. નાણાંકીય જરૂરિયાતોને પહોંચી વળવા માટે ૧૦૦૦૦ કરોડના ડેડિકેટેડ ફંડ આપવામાં આવશે. સ્ટાર્ટઅપની ફીમાં ૮૦ ટકા ઓછી રહેશે. સરકારી ખરીદીમાં સ્ટાર્ટઅપને રાહત આપવામાં આવશે. અમે ઝીરો ડિફેક્ટ અને ઝીરો ઈફેક્ટ ઉપર કામ કરીશું. ભારતમાં નવી તકો નહીં આપવાની પ્રથા રહેલી છે. કામ શરૂ કરતા પહેલા જ ટર્નઓવર અને અનુભવ અંગે પુછવામાં આવે છે. પહેલી એપ્રિલથી સ્ટાર્ટઅપના ફોર્મ મોબાઈલ એપ્લિકેશન ઉપર ઉપલબ્ધ રહેશે. સાથે સાથે આઈપીઆર સ્કીમ પણ લોંચ કરવામાં આવશે. આ ક્ષેત્રમાં કામ કરનાર વકીલો ખુબ ઓછા છે અને જે છે તે ખુબ મોંઘા છે. ભારતના તમામ મોટા શહેરોમાં કોમર્સ ચેમ્બર્સ હોવાની જરૂરીયાત ઉપર મોદીએ ભાર મુક્યો હતો.

